# પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓની ગુજરાતી ભાષાની સિદ્ધિનો અભ્યાસ

રોહિણીબા હરીસિંહ પરમાર
વિદ્યાર્થી (પીએચ. ડી.) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
માર્ગદર્શક: શ્રી : પ્રો. કલાધર આર્ય

**સારાંશ**

*વ્યક્તિના વિકાસમાં ભાષા ખૂબ મોટો ભાગ ભજવનારું પરિબળ છે. પોતાની માતૃભાષા દ્વારા અભ્યાસ થાય તો બાળકોનો વધારે સારો વિકાસ થઈ શકે છે. પરંતુ આજે અંગ્રેજી ભાષાના માધ્યમે શિક્ષણ મેળવવાની હોડ લાગી છે તેથી બાળકનો પોતાની માતૃભાષા પ્રત્યેનો લગાવ ઓછો થતો સતત અનુભવાઈ રહ્યો છે. એ બાબતને ધ્યાનમાં રાખી અભ્યાસકે પ્રસ્તુત પેપરમાં લઘુશોધ-નિબંધ દ્વારા મેળવેલ માહિતીનો અભ્યાસ રજૂ કર્યો છે. પ્રસ્તુત શોધકાર્ય દ્વારા એવું જાણી શકાયું કે બાળક ભાષા ભલે કોઈ પણ શીખે તેની પોતાની માતૃભાષાની અવહેલના ન થાય અને તેની મહત્તા વધે એ ખૂબ જરૂરી છે કારણ કે આપણે ત્યાં બાળકોમાં પોતાની જ માતૃભાષા અંગેની ખૂબ કચાશ જોવા મળે છે ને તે પ્રસ્તુત સંશોધનકાર્યમાં ભાવિ પ્રાથમિક શિક્ષકો એટલે કે અધ્યાપનમંદિરના પ્રશિક્ષણાર્થીઓ તથા પ્રાથમિક શાળાના બાળકોનાં તુલનાત્મક અભ્યાસ દ્વારા જાણી શકાયું હતું.*

**ચાવીરૂપ શબ્દો** : *માતૃભાષા, વ્યક્તિ વિકાસ, અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓ*

## ૧. પ્રસ્તાવના

સાંપ્રત યુગમાં સમાજમાં લોકો અંગ્રેજી ભાષાનાં પ્રવાહમાં એટલી હદે આકર્ષાયા છે કે ગુજરાતી ભાષાનું મૂલ્ય ભૂલવા માંડ્યા છે. આપણી માતૃભાષા ગુજરાતી પ્રત્યેની લોકોની મહત્તા હોવી જોઈએ એ રહી નથી. આપણે એવું નથી કહેતા કે બીજી ભાષાઓ ન શીખવી અને ગુજરાતીને જ મહત્વ આપવું પણ આજે આપણું ગુજરાતી ભાષા પ્રત્યેનું મૂલ્ય ઘટતું જાય છે. આજે ગુજરાતી લોકોના સંતાનોમાં જ ગુજરાતી ભાષાની કચાશ જોવા મળે છે. અને આજની પરિસ્થિતિ એવી છે કે શાળાઓમાં પણ બીજા વિષય જેટલો ભાર ગુજરાતી ભાષા ઉપર મૂકવામાં આવતો નથી. ગુજરાતી આપણી બોલ-ચાલની ભાષા છે ને એમાં શું નવું જાણવાનું કે નવું શીખવાનું? આવું માની આ વિષયને જ સામાન્ય બનાવી દીધો છે. આજે શાળાઓમાં પણ ગુજરાતીના શિક્ષક અંગે ગંભીરતા બતાવવામાં આવતી નથી. જે ગુજરાતી વિષયને આપણે સહેલો માની સામાન્ય બનાવ્યો છે તેના માટે આવું કહેવાય છે કે " અંગ્રેજી શીખવું સહેલું છે પણ ગુજરાતી શીખવું અઘરું." આપણે ત્યાં ઘણીવાર એવું બને છે કે કોઈ બીજા જ વિષયનો શિક્ષક ગુજરાતી ભણાવે છે જે ગુજરાતી વિષયને પૂરતો ન્યાય આપી શકતો નથી અને આ પણ એક કારણ છે ગુજરાતી વિષયની કચાશ માટેનું.

ચોમ્સ્કી કહે છે " ભાષા વિચારની આધારશિલા છે. ભાષાના અભાવમાં વિચાર શક્ય નથી." આ વાક્ય ઉપરથી આપણે ભાષાના મહત્વને સમજી શકીએ છીએ અને છતાં આ બધું હોવા ઉપરાંત સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓમાં પણ ગુજરાતી ભાષા પ્રત્યે જાગૃતતા નથી. તેઓમાં પણ ગુજરાતી ભાષાની કચાશ વર્તાય છે. અને આ બાબતને લઈને જ ગુજરાતી બાળકો અને ભવિષ્યમાં જે શિક્ષકો થવાના છે તેવા પ્રશિક્ષણાર્થીઓ કેટલા સતર્ક છે તે જાણવા તેમની સિદ્ધિ ચકાસવી અનિવાર્ય છે. જે તે સમયે તો એમ.એલ.એલ. અંતર્ગત ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમ અમલમાં હતો. એ પ્રમાણે જોવા જઈએ તો જે હેતુસર ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમ અમલમાં મૂક્યો હતો તે અને તાલીમાર્થી અને વિદ્યાર્થીઓની આ અભ્યાસક્રમ અનુસાર ગુજરાતી ભાષામાં શા ફેરફાર થયા અને તેમની ગુજરાતી ભાષામાં કેટલી સિદ્ધિ છે તે ચકાસવા માટે આ અભ્યાસક્રમ હાથ ધરવામાં આવ્યો છે. પ્રશિક્ષણાર્થીઓ ભવિષ્યમાં

શિક્ષક થવાના છે તેથી તેમને ગુજરાતી ભાષાનું જ્ઞાન હોવું જરૂરી છે. અધ્યાપનમંદિરોમાં પણ ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમ જ દાખલ કરવામાં આવ્યો છે ને તેમને પણ ગુજરાતી વિષયની ક્ષમતાઓને અનુલક્ષીને શીખવવામાં આવે છે.

પ્રશિક્ષણાર્થીઓ વચ્ચે શૈક્ષણિક તેમજ વયકક્ષાનો ફરક છે. છતાં તેમનામાં ગુજરાતી ભાષાની સિદ્દ્ધિ કેવી અને કેટલી છે તે ચકાસવું અનિવાર્ય છે. બુચ કહે છે, “ સંખ્યા અને ગુણવત્તા વચ્ચેનો વિરોધાભાસ જેટલો ભારતીય શિક્ષણમાં જોવા મળે છે તેટલો દુનિયાના કોઈ દેશમાં જોવા મળતો નથી.”

આ કારણે જ આજના વિજ્ઞાનયુગમાં ગુજરાતી ભાષા તરફ લક્ષ ન અપાતું હોવાથી વિદ્યાર્થીઓ અને તેમને ભણાવવા સુસજ્જ થઈ રહેલા પ્રશિક્ષણાર્થીઓની સિદ્દ્ધિ માપવાનો પ્રયાસ પ્રયોજકે કર્યો છે.

## ૨. સંશોધનના હેતુઓ

દરેક કાર્ય કરવા માટે તેનું આયોજન જેમ જરૂરી બને છે તેમ તે કાર્ય સિદ્ધ કરવા માટે હેતુઓ પણ સ્પષ્ટ હોવા જરૂરી છે. અને હેતુઓ દ્વારા જ સંશોધનકાર્યની દિશા સ્પષ્ટ થાય છે. અને જ્યારે નિશ્ચિત હેતુઓ નક્કી થાય પછી જ સંશોધન હાથ ધરી શકાય છે.

૧. પ્રાથમિક શાળાનાં ધોરણ-૬ના વિદ્યાર્થીઓની ક્ષમતાદીઠ ગુજરાતી ભાષાની સિદ્દ્ધિ માપવી.
૨. અધ્યાપન મંદિરના દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓની ક્ષમતાદીઠ ગુજરાતીભાષાની સિદ્દ્ધિ ચકાસવી.
૩. ધોરણ-૬માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની જાતિ મુજબ ગુજરાતીની સિદ્દ્ધિનો અભ્યાસ કરવો.
૪. અધ્યાપન મંદિરના દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓની જાતિ મુજબ ગુજરાતી ભાષાની સિદ્દ્ધિ તપાસવી.
૫. ધોરણ-૬માં અભ્યાસ કરતાં વિસ્તાર મુજબ વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષાની સિદ્દ્ધિનો અભ્યાસ કરવો.
૬. ધોરણ-૬માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને અધ્યાપન મંદિરના દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓની ગુજરાતી ભાષાની સિદ્દ્ધિની તુલના કરવી.
૭. અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓની વિસ્તાર મુજબ ગુજરાતી ભાષાની સિદ્દ્ધિની અસર માપવી.

## ૩. સંશોધનની ઉત્કલ્પનાઓ

સંશોધનને વૈજ્ઞાનિક દ્રષ્ટિથી જોવા માટે ઉત્કલ્પના એક અગત્યનું માધ્યમ છે. હેતુઓને સુસંગત હોય એ પ્રકારે રચાયેલ ઉત્કલ્પના દ્વારા હેતુસિદ્દ્ધિ થઈ શકે છે. અને સંશોધન અભ્યાસને યોગ્ય રીતે પૂર્ણ કરી શકાય છે. પ્રસ્તુત સંશોધન માટે નીચે મુજબ શૂન્ય ઉત્કલ્પનાઓ બાંધવામાં આવેલ છે:

1. $H_{01}$ ધોરણ-૬ના ગુજરાતી વિષયની સિદ્દ્ધિમાં છોકરા અને છોકરીઓના સરાસરી પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
2. $H_{02}$ ધોરણ-૬ના ગુજરાતી વિષયની સિદ્દ્ધિમાં અર્ધશહેરી વિસ્તારના અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓના સરાસરી પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
3. $H_{03}$ ધોરણ-૬ના ગુજરાતી વિષયની સિદ્દ્ધિમાં અર્ધ શહેરી વિસ્તારના છોકરા અને છોકરીઓના સરાસરી પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
4. $H_{04}$ ધોરણ-૬ના ગ્રામ્ય વિસ્તારના છોકરા અને છોકરીઓના સરાસરી પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
5. $H_{05}$ અધ્યાપન મંદિરના દ્વિતીય વર્ષના સ્ત્રી પ્રશિક્ષણાર્થી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓના ગુજરાતી ભાષાની સિદ્દ્ધિમાં સાર્થક તફાવત નહીં હોય.

6. $H_{06}$ અધ્યાપન મંદિરના ગુજરાતી વિષયની સિદ્ધિમાં અર્ધશહેરી અને ગ્રામ્ય સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓના સરાસરી પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
7. $H_{07}$ અધ્યાપન મંદિરના ગુજરાતી વિષયની સિદ્ધિમાં અર્ધશહેરી અને ગ્રામ્ય પુરુષ પ્રશિક્ષણાર્થીઓના સરાસરી પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
8. $H_{08}$ અધ્યાપન મંદિરના ગુજરાતી વિષયની સિદ્ધિમાં અર્ધશહેરી અને ગ્રામ્ય પ્રશિક્ષણાર્થીઓના સરાસરી પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.
9. $H_{09}$ ધોરણ-૬ના વિદ્યાર્થીઓ અને અધ્યાપન મંદિરના દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓની ગુજરાતી વિષયની સિદ્ધિમાં મેળવેલ સરાસરી પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.

**૪. અભ્યાસમાં સમાવિષ્ટ ચલો**

***૪.૧ સ્વતંત્ર ચલ***

૧. જાતિયતા (છોકરાઓ તથા છોકરીઓ)

૨. વિસ્તાર (ગ્રામ્ય તથા અર્ધશહેરી)

૩. શિક્ષણ કક્ષા (૧) ધોરણ -૬ (૨) અધ્યાપન મંદિર દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ

**૫. સંશોધનનું વ્યાપવિશ્વ નિદર્શ**

સંશોધન કાર્યનો મુખ્ય હેતુ પરિણામોની પ્રાપ્તિ માટેનો હોય છે. અને આ પરિણામો સંશોધનના વ્યાપવિશ્વ પર લાગુ પાડવામાં આવે છે. સંશોધનના પ્રકારના આધારે વ્યાપવિશ્વનાં લક્ષણોમાં સ્થળ અને સમય મુજબ ફેરફાર થાય છે.
પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ ખેડા જિલ્લાની અને આણંદ જિલ્લાની મળી કુલ ૯૯૬ ખાનગી અને મ્યુનિસિપલ શાળાઓમાં ભણતા ધોરણ-૬ નાં ૨,૩૧,૬૬૬ વિદ્યાર્થીઓ હતાં. હવે ખેડા અને આણંદ જિલ્લાની શાળાઓમાંથી યાદૃચ્છિક-નિદર્શની રીતે બંને જિલ્લાની મળીને કુલ ૧૦ શાળાઓ પસંદ કરી. દરેક શાળામાંથી ધોરણ-૬ નાં એક-એક વર્ગના બધા જ વિદ્યાર્થીઓ સરખા નિદર્શ પદ્ધતિથી પસંદ કરવામાં આવેલ હતાં. આમ, ૧૦ શાળાઓના કુલ ૪૭૩ વિદ્યાર્થીઓ, જેમાં ૨૭૫ છોકરાઓ અને ૧૯૮ છોકરીઓને નિદર્શ તરીકે લેવામાં આવેલ હતાં.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષાની સિદ્ધિ સાથે અધ્યાપન મંદિરના દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓની સિદ્ધિની તુલના કરવાની છે. આથી ખેડા-આણંદ જિલ્લાના કુલ સાત અધ્યાપન મંદિરોના દ્વિતીય વર્ષના ૨૯૦ પ્રશિક્ષણાર્થીઓ પણ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ બન્યું હતું. પ્રસ્તુત અભ્યાસ માટે બધાં જ સાત અધ્યાપન મંદિરોના દ્વિતીય વર્ષના બધાં જ પ્રશિક્ષણાર્થીઓને સરખા નિદર્શ પદ્ધતિથી પસંદ કરવામાં આવેલ હતાં. આમ, કુલ ૭ અધ્યાપન મંદિરોના દ્વિતીય વર્ષના કુલ ૨૯૦ પ્રશિક્ષણાર્થીઓ જેમાં ૧૬૩ પુરુષ પ્રશિક્ષણાર્થીઓ અને ૧૨૭ સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓને નિદર્શ તરીકે લેવામાં આવેલ હતાં.

**૬. સંશોધનની ઉપયોગિતા**

કોઈ પણ અભ્યાસ ચોક્કસ હેતુઓ અને વિશિષ્ટ પ્રકારની બાબતોની ચકાસણી સાથે શરૂ થતો હોય છે. શિક્ષણમાં સમય સાથે પરિવર્તન આવે છે. આ પરિવર્તનોમાં **સંશોધનનો આધાર લેવામાં આવે તો સિદ્ધિ મેળવવામાં ચોક્કસ ઉપયોગી બને છે.**

પ્રસ્તુત **સંશોધનની ઉપયોગિતા નીચેની બાબતોમાં જણાઈ આવે છે.**

૧.પ્રશિક્ષણાર્થીઓને પોતાના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ ગુજરાતી વિષયના ક્ષમતાકેન્દ્રી પાઠયપુસ્તકમાંથી પારંગતતા કેટલી ક્ષમતાઓમાં છે અને કેટલી ક્ષમતાઓમાં તેમની નબળાઈ છે એનો ખ્યાલ આવશે.

૨. પ્રાથમિક શાળાઓમાં ચાલતા ક્ષમતા કેન્દ્રી અભ્યાસક્રમના અમલ પછી હજી વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષામાં કેટલી અને ક્યાં ક્યાશ છે તેનો ખ્યાલ આવશે.

૩. પ્રાથમિક શાળામાં ભણતાં ગ્રામ્ય વિસ્તારના અને અર્ધશહેરી વિસ્તારનાં છોકરા અને છોકરીઓનાં અભ્યાસ પછીનાં પરિણામો જાણી શકાશે. એટલે કે કોને-કેટલું આવડે છે તે જાણી શકાશે.

૪. અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓની સિદ્ધિનો ખ્યાલ મળી શકશે.

૫. ભવિષ્યમાં આવા પ્રકારના અભ્યાસ માટે આ પ્રકારનો અભ્યાસ ઉપયોગી નીવડશે.

## ૭. સંશોધન પદ્ધતિઓ

સંશોધનની યોગ્ય પદ્ધતિની પસંદગી એ ખૂબ અગત્યની બાબત છે અને પદ્ધતિની પસંદગી યોગ્ય હોય તો જ હેતુઓ સિદ્ધ થઈ શકે છે. સંશોધનની પદ્ધતિઓ પણ અલગ-અલગ છે. શૈક્ષણિક સંશોધનમાં પ્રાયોગિક સંશોધન, વર્ણનાત્મક સંશોધન અને ઐતિહાસિક સંશોધન પદ્ધતિ એમ ત્રણ પદ્ધતિઓ છે. આ સંશોધનનો સમાવેશ વર્ણનાત્મક સંશોધન પદ્ધતિમાં થાય છે. જેમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ થયો હતો. એલ.આર.ગે સર્વેક્ષણ પદ્ધતિ વિશે જણાવે છે કે. " A Survey Method is an attempt to collect data from members of a population in order to determine the current status of that population with respect to one or more variables."

પ્રસ્તુત સંશોધનનોમાં સર્વેક્ષણ પદ્ધતિ અનુસાર ધોરણ-૬ ના વિદ્યાર્થીઓ અને દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓ ની ગુજરાતી વિષયની સિદ્ધિનો અભ્યાસ કરવાનો હેતુ હતો.. આ સર્વેક્ષણમાં ધોરણ-૬ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયની સિદ્ધિનો અભ્યાસ હોવાથી તેને શાળાકીય શૈક્ષણિક સર્વેક્ષણ પણ કહી શકાય. અધ્યાપન મંદિરોના દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓની ગુજરાતી વિષયની પણ સિદ્ધિનો અભ્યાસ હોવાથી શૈક્ષણિક સર્વેક્ષણ કહેવાય.

## ૮. ઉપકરણ

ઉપકરણ એ સંશોધનનું અગત્યનું અંગ છે. કોઈ પણ સમસ્યા અંગે સંશોધન કરવા માટેનું માધ્યમ એટલે ઉપકરણ. સંશોધન યોજના બનાવતી વખતે પ્રયોજકે માહિતી એકત્રીકરણ કયા સાધન દ્વારા કરવું એ નક્કી કરે છે. સંશોધનના ઉપકરણની પસંદગીનો મોટો આધાર ઉત્કલ્પના અને સમસ્યા ઉપર છે. સંશોધન કાર્ય માટે યોગ્ય સાધનની પસંદગી ખૂબ મહત્વની બાબત છે. પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓ અને પ્રશિક્ષણાર્થીઓની ગુજરાતી ભાષાની સિદ્ધિનો અભ્યાસ કરવાનો છે. તેમાં કોઈ રસ સંશોધિની, વલણ માપદંડ, ઓળખયાદીની જરૂર નથી. પરંતુ તેમાં કસોટીની જરૂર હોવાથી સિદ્ધિ કસોટી રચવાનું નક્કી કરવામાં આવ્યું. આ અભ્યાસમાં સિદ્ધિનો અભ્યાસ કરવાનો હોવાથી ઉપકરણ તરીકે સિદ્ધિ કસોટી જ મહત્વનું અને યોગ્ય સાધન ગણી શકાય. **પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે સિદ્ધિ કસોટી રચવામાં આવી હતી. અને આ કસોટીને** ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમ અમલમાં હોવાથી તે પ્રમાણે રચવામાં આવી હતી. આ કસોટીમાં ૧૦૦ બહુ વિકલ્પ પ્રશ્નો મૂકવામાં આવ્યા હતા. જેમાં દરેક પ્રશ્નનો ૧ ગુણ હતો. અહીં ૧૪ ક્ષમતાઓ લેવામાં આવી હતી, જેમાં ક્ષમતાક્રમાંક ૩.૬.૪(૧૦ પ્રશ્નો), ૩.૬.૩(૧), ૪.૬.૨(૪), ૫.૬.૧(૫), ૩.૬.૬(૩), ૬.૬.૧(૯), ૩.૬.૨(૨), ૩.૬.૫(૨), ૧.૬.૧(૩૧), ૧.૬.૩(૫), ૨.૬.૩(૨), ૫.૬.૨(૯૧), ૧.૬.૫(૧), ૧.૬.૧(૨૦), ૧.૬.૨(૪) પ્રશ્નો મળી કુલ ૧૦૦ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. આ ક્ષમતાઓ અંગે વિશેષ માહિતી નીચે પ્રમાણે છે.

ક્રમક્ષમતાક્રમાંકક્ષમતાવિધાન
૧.૩.૬.૪પાઠયપુસ્તક સંબંધી પૂરક વાંચન કરે છે.
૨.૩.૬.૩છાપાં અને કિશોર સાહિત્યના પુસ્તકો વાંચે છે.
૩. ૪.૬.૨માન્ય જોડણી અને વિરામ ચિહ્નોનો ઉપયોગ સમજે છે.
૪.૫.૬.૧સંજ્ઞા અને વિશેષણોના પ્રકાર જાણે છે.
૫.૩.૬.૬શબ્દ કોશનો ઉપયોગ કરે છે.
૬.૬.૬.૧આશરે ૬૦૦૦ શબ્દોનો અર્થ સમજે છે.
૭.૩.૬.૨સમજીને અને અસરકારક રીતે સંવાદો, ફકરાઓ વાંચે છે.
૮.૩.૬.૫વાંચન સામગ્રીમાંથી કાર્યકારણ સંબંધો સમજી તારણો કાઢે છે.
૯.૧.૬.૧કાવ્યો, નાટકો, વાર્તાઓ, કિસ્સાઓ સાંભળે છે અને સમજે છે.
૧૦.૧.૬.૩લોકસાહિત્ય, કથાઓથી પરિચિત છે.
૧૧.૨.૬.૩પરિચિત પરિસ્થિતિઓ, સ્થળોને પ્રસંગોનું વર્ણન કરે છે.
૧૨.૫.૬.૨વાકયના પ્રકાર જાણે છે.
૧૩.૧.૬.૫શ્રવણ સામગ્રીમાંથી તારણો કાઢે છે.
૧૪.૧.૬.૨અપરિચિત પરિસ્થિતિમાં વિવિધ સંવાદો સાંભળી સમજે છે.
ઉપર્યુક્ત ક્ષમતાઓને ધ્યાનમાં રાખી સિદ્ધિ કસોટીની રચના કરવામાં આવી હતી.

## ૯. માહિતી પ્રાપ્તિ

માહિતી પ્રાપ્તિ માટે દરેક શાળાઓ અને અધ્યાપન મંદિરોના આચાર્યશ્રીની મંજૂરી મેળવી હતી. રૂબરૂ જઈને માહિતી મેળવવામાં આવી હતી. શાળાઓમાં વિદ્યાર્થીઓનો મોટા ભાગનો અભ્યાસક્રમ આવરવાનો હોવાથી કસોટી બે ભાગમાં વહેંચી હતી, જે અમુક સમયના અંતરે ત્યાં રૂબરૂ જઈને આપી હતી. શાળાઓ અને અધ્યાપન મંદિરોમાં રૂબરૂ જઈ વિદ્યાર્થીઓ તેમજ પ્રશિક્ષણાર્થીઓને જરૂરી સૂચનો આપી કસોટી પત્રો તેમજ ઉત્તર પત્રોની વહેંચણી કરી અને ત્યાર બાદ કસોટીના પ્રશ્નોના ઉત્તરો કઈ રીતે ટીક કરી આપવા તેની માહિતી આપવામાં આવી હતી અને નિશ્ચિત સમયે કસોટીપત્રો તેમજ ઉત્તરપત્રો પરત મેળવી લેવામાં આવ્યા હતા. આ રીતે માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.

## ૧૦. માહિતીનું વિશ્લેષણ

માહિતી પ્રાપ્તિ પછી તેનું **વિશ્લેષણ** ખૂબ જ અગત્યની બાબત છે. પ્રસ્તુત અભ્યાસમાં પણ માહિતી પ્રાપ્ત કર્યા પછી દરેક વિદ્યાર્થી તથા પ્રશિક્ષણાર્થીઓનાં પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા. ક્ષમતા દીઠ પણ પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા. અને તેનું આવૃતિ વિસ્તરણ કરવામાં આવ્યું હતું. જાતિ અને વિસ્તાર મુજબ આવૃતિ વિસ્તરણ કર્યા પછી મેળવેલ પ્રાપ્તાંકો પરથી સરાસરી,પ્રમાણ વિચલન, પ્રમાણ ભૂલ, તેના પરથી T મૂલ્ય (ક્રાંતિક ગુણોત્તર) ને સાર્થકતાની કક્ષા નક્કી કરવામાં આવ્યા હતા. આ રીતે દરેક વિદ્યાર્થી અને પ્રશિક્ષણાર્થીના પણ લક્ષ્યાંકો પ્રાપ્ત કરી બધી જ અંકશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરી ગણતરી કરવામાં આવી હતી અને ગણતરી કરી પછી અર્થઘટન કરવામાં આવ્યું હતું. આમ, પ્રસ્તુત સંશોધનમાં માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

## ૧૧. સંશોધનની કાર્યપદ્ધતિ

પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ પૂરો કરનાર વિદ્યાર્થી પોતે મેળવેલ ક્ષમતાલક્ષી જ્ઞાનનો ઉપયોગ પોતાના વ્યવહારમાં કરે તે અપેક્ષિત બાબત છે. અને આ બાબતને ધ્યાનમાં લઈને જ લઘુતમ સિદ્ધી કક્ષા શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ખૂબ

સારો અભિગમ છે. આ અભ્યાસક્રમમાં દરેક ધોરણના વિદ્યાર્થીઓ માટે ક્ષમતા નક્કી કરવામાં આવી છે. ને તેમાંથી તેણે કેટલી ક્ષમતા સિદ્ધ કરી તે જાણવા માટે કસોટી પ્રાથમિક શાળાના ધોરણ-૯ ના ૪૭૩ વિદ્યાર્થીઓ અને અધ્યાપન મંદિરોના દ્વિતીય વર્ષના ૨૯૦ પ્રશિક્ષણાર્થીઓને આપવાની હતી. ગુજરાતી ભાષાની સિદ્ધી કસોટીમાં પસંદ કરાયેલ આ નમુનામાં પાત્રોએ આપેલા જવાબો રૂપે માહિતી પ્રાપ્ત કરવાની હતી.

માહિતી પ્રાપ્તિ માટે સૌ પ્રથમ પસંદ કરેલ શાળાઓ અને અધ્યાપન મંદિરોના આચાર્યશ્રીનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને કસોટીની અગત્ય અને તે આપવાનો ધ્યેય સમજાવી મંજૂરી મેળવવામાં આવી હતી. કસોટીના અભ્યાસક્રમ અંગે પ્રથમથી જ માહિતી મેળવી લેવામાં આવી હતી. અને અભ્યાસક્રમ પૂર્ણ થયા પછી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ક્રમશ: વિભાગ:-૧ અને અમુક સમયગાળા પછી વિભાગ:-૨ની કસોટી પૂર્વ મંજૂરીથી લેવામાં આવી હતી. જ્યારે અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓને બંને વિભાગો સાથે આપવામાં આવ્યા હતા.

કસોટી પત્ર આપતી વખતે જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ધ્યાન રાખવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થીને યોગ્ય અંતરે બેસાડી કસોટી પત્રો અને અલગ જવાબ પ્રત્રોની વહેંચણી કરવામાં આવી હતી,. કસોટી પત્ર ઉપરની સૂચનાઓનું વર્ગમાં વાંચન કરી અને યોગ્ય વિગતો અંગે સૂચનો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત જવાબ પત્રોમાં કઈ વિગતો ભરવાની છે તે અંગે પણ યોગ્ય સૂચનો આપી કઈ રીતે જવાબો આપવાના છે તે સમજાવ્યું હતું. પછીથી સૂચનાઓ પૂર્ણ કરીને તેમને કસોટી પત્રના જવાબો આપવાનો પૂરતો સમય આપવામાં આવ્યો હતો. અને કસોટીનો સમય પૂરો થયા પછી વિદ્યાર્થીઓ પાસેથી કસોટી પત્રો અને ઉત્તર પત્રો પરત મેળવી લેવામાં આવ્યા હતા.
આ ઉપરાંત પ્રશિક્ષણાર્થીઓને એક સાથે બંને વિભાગો આપી એ જ રીતે તેમની પાસેથી પણ ઉત્તર પત્રોમાં જવાબો મેળવવામાં આવ્યા હતા.

દરેક સંશોધન કે અભ્યાસમાં એકત્ર કરેલી માહિતીને વ્યવસ્થિત રીતે ગોઠવવી પડે છે તેમ ન કરવામાં આવે તો એકત્ર કરેલી માહિતી ઉપરથી તારવણી કાઢવાનું મુશ્કેલ બને છે. એકત્રિત માહિતીને યોગ્ય સ્વરૂપ આપવા યોગ્ય વર્ગીકરણ, ગોઠવણી અને પૃથક્કરણ એ અગત્યની બાબત છે.

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ-૯ના વિદ્યાર્થીઓ અને પ્રશિક્ષણાર્થીઓ પાસેથી માહિતી એકત્ર કર્યા પછી સૌ પ્રથમ તેના પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા. ક્ષમતા પ્રમાણે પણ પ્રાપ્તાંકોનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. મેળવેલ પ્રાપ્તાંકોનું જુદા-જુદી રીતે વર્ગીકરણ કરી આવૃત્તિ વિસ્તરણ જાતિ, વિસ્તારના આધારે કરવામાં આવ્યું હતું. અને આવૃત્તિ વિસ્તરણના આધારે અંકશાસ્ત્રીય ગણતરીઓ જેવી કે સરાસરી, પ્રમાણ, વિચલન, દ્વારા ટી-મૂલ્ય સાર્થકતાની કક્ષા નક્કી કરવામાં આવી હતી. આમ, આ રીતે પ્રાપ્તાંકોની ગણતરી કરી અર્થઘટન કરવામાં આવ્યું હતું.

## ૧૨. સંશોધનનાં તારણો

દરેક સંશોધન કાર્યના હેતુઓ નિશ્ચિત હોય છે. પ્રસ્તુત અભ્યાસનો હેતુ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપનમંદિરોના પ્રશિક્ષણાર્થીઓની ગુજરાતી ભાષાની સિદ્ધિ કક્ષાનો અભ્યાસ કરવાનો છે. વિષયવસ્તુ કસોટી દ્વારા પ્રાપ્ત કરેલ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરતાં નીચે મુજબના તારણો પ્રાપ્ત થયા છે.

૧. ક્ષમતાક્રમાંક (૩.૬.૪(પૂરક વાંચન), ૩.૬.૩.(કિશોર સાહિત્યને અન્ય વાંચન) માં અનુક્રમે છોકરીઓની વધુમાં વધુ ૫૭.૫૯ ટકા અને છોકરાઓની ૬૬.૩૪ ટકા અને ઓછામાં ઓછી ૧૭.૭૨ અને ૨૦.૧૯ ટકા સિદ્ધિ છે. જેમાં છોકરીઓ કરતાં છોકરાઓની સિદ્ધિ વધુ જોવા મળી હતી

૨. ક્ષમતાક્રમાંક (૪.૬.૨(જોડણી, વિરામ ચિહનો), ૫.૬.૧(સંજ્ઞા, વિશેષણો), (૩.૬.૨(કાવ્ય કે ફકરાના મુખ પાઠ), ૩.૬.૬ (શબ્દકોશનો ઉપયોગ)માં અનુક્રમે છોકરાઓની વધુમાં વધુ ૪૩.૭૫ ટકા અને છોકરીઓની ૫૮.૮૨ અને ઓછામાં ઓછી ૨૮.૩૬ અને ૩૬.૭૦ અને, વધુમાં વધુ ૨૭.૪૦ અને ૮.૮૬ જ્યારે ઓછામાં ઓછી ૧૮.૨૬ અને ૨૫.૯૪ ટકા સિદ્દિધ જોવા મળી હતી

૩. ક્ષમતાક્રમાંક (૬.૬.૧ માં ૬૦૦૦ જેટલા શબ્દોનો અર્થ જાણે છે.) માં વધુમાં વધુ છોકરાઓની ૫૮.૬૫ અને છોકરીઓની ૬૩.૨૯ ટકા જ્યારે ઓછામાં ઓછી ૧૬.૮૨ અને ૧૯.૬૨ ટકા સિદ્દિધ છે. જેમાં છોકરીઓની સિદ્દિધ વધારે જોવા મળી હતી

૪. ક્ષમતાક્રમાંક (૧.૬.૧(કાવ્ય, નાટકો, વાર્તાઓ અને કિસ્સાઓ સાંભળી સમજવા)માં વધુમાં વધુ છોકરાઓની ૭૨.૫૯ ટકા અને છોકરીઓની ૭૭.૨૧ ટકા સિદ્દિધ જ્યારે ઓછામાં ઓછી ૧૦.૫૭ ટકા અને ૧૫.૧૮ ટકા સિદ્દિધ છે જે છોકરાઓ કરતાં છોકરીઓની સિદ્દિધ વધારે જોવા મળી હતી

.૫.ક્ષમતાક્રમાંક (૫.૬.૨ (વાક્યના પ્રકાર), ૧.૬.૫ (શ્રવણ, તારણ), (૧.૬.૨ (વાતચીત, સંવાદો સમજે) માં છોકરાઓની ૨૯.૩૨ ટકા અને છોકરીઓ ૫૫.૬૯ ટકા અને ૫૪.૩૨ અને ૭૭.૮૪ ટકા ઉપરાંત ૫૧.૪૪ ટકા અને ૭૨.૭૮ ટકા સિદ્દિધ છે. જેમાં છોકરીઓની સિદ્દિધ ઉંચી જોવા મળી હતી

૬. ક્ષમતાક્રમાંક (૩.૬.૪(પૂરક વાચન), ૩.૬.૩ (કિશોર સાહિત્યને અન્ય વાચન), (૪.૬.૨ (જોડણી, વિરામચિહનો), (૩.૬.૨(કાવ્યો અને ફકરાના મુખપાઠ), (૧.૬.૩(લોકસાહિત્ય અને કથા), (૨.૬.૩(સ્થળો પ્રસંગોનું વર્ણન), (૧.૬.૨ (વાતચીત સંવાદો સમજે) માં વધુમાં વધુ ટકાવારીમાં સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની ૫૩.૫૪ અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓની ૮૬.૫૦ ટકા સિદ્દિધ અને ઓછામાં ઓછી ૩૩.૮૫ અને ૪.૨૯ ટકા સિદ્દિધ છે. જેમાં પુરુષ પ્રશિક્ષણાર્થીઓની ઊંચી સિદ્દિધ જોવા મળી હતી

૭. ક્ષમતાક્રમાંક(૫.૬.૧ (સંજ્ઞા,વિશેષણ), (૩.૬.૬ (શબ્દ કોશનો ઉપયોગ), (૫.૬.૨ (વાક્યના પ્રકાર), (૧.૬.૫ (શ્રવણ,તારણ), (૧.૬.૨(વાતચીત સંવાદો સમજે), (૧.૬.૧ (કાવ્ય,નાટકો,વાર્તાઓ અને કિસ્સાઓ સાંભળી સમજવામાં) વધુમાં વધુ સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની ૬૬.૧૪ ટકા અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓની ૩૩.૧૨ ટકા સિદ્દિધ અને ઓછામાં ઓછી ૨૦.૮૫ અને ૨૩.૬૨ ટકા સિદ્દિધ છે. જેમાં સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની સિદ્દિધ ઊંચી જોવા મળી હતી

૮. ધોરણ-૬ ના ગુજરાતી વિષયની સિદ્દિધમાં છોકરાઓની સરાસરી ૩૮.૬૦ છે. જ્યારે છોકરીઓની સરાસરી ૪૪.૧૦ છે જેની સરાસરી વચ્ચેના તફાવતનો ક્રાંતિક ગુણોત્તર ૪.૩૬ છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે ભાઈઓની સિદ્દિધ બહેનોની સિદ્દિધ કરતાં ઓછી જોવા મળી હતી

૯. ધોરણ-૬ ના ગુજરાતી વિષયની સિદ્દિધમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સરાસરી ૪૪.૫૦ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની સરાસરી ૩૯.૪૩ છે જેની સરાસરી વચ્ચેના તફાવતનો ક્રાંતિક ગુણોત્તર ૩.૨૫ છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સાપેક્ષમાં વધુ જોવા મળી હતી

૧૦.શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૪૬.૪૮ અને ૪૨.૯૨ છે. જેનો ક્રાંતિક ગુણોત્તર ૧.૨૪ છે. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. આથી કહી શકાય કે શહેરી વિસ્તારનાં છોકરાઓ અને છોકરીઓની સિદ્દિધમાં ખાસ તફાવત નથી.

૧૧.ધોરણ-૬ ના છોકરા અને છોકરીઓના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૩૫.૮૪ અને ૪૪.૯૦ છે. જેનો ક્રાંતિક ગુણોત્તર ૯.૦૦ છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. આથી કહી શકાય કે ગ્રામ્ય વિસ્તારના છોકરા કરતાં છોકરીઓની સિદ્દિધ ઊંચી જોવા મળી હતી

૧૨.અધ્યાપન મંદિરોના સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૫૦.૧૫ અને ૪૫.૮૪ છે. જેનો ક્રાંતિક ગુણોત્તર ૩.૪૨ છે જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. આથી કહી શકાય કે સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની સિદ્દિધ પુરુષ પ્રશિક્ષણાર્થીઓ કરતાં વધુ જોવા મળી હતી .

૧૩.અધ્યાપન મંદિરોના અર્ધશહેરી અને ગ્રામ્ય સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૫૨.૦૮ અને ૪૭.૨૬ છે. જેનો ક્રાંતિક ગુણોત્તર ૨.૨૭ છે જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. આથી કહી શકાય કે અર્ધશહેરી સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ હોંશિયાર જોવા મળી હતી

૧૪.અધ્યાપન મંદિરોના અર્ધશહેરી અને ગ્રામ્ય પુરુષ પ્રશિક્ષણાર્થીઓનાં પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૪૧.૪૧ અને ૫૧.૯૯ છે. જેનો ક્રાંતિક ગુણોત્તર ૫.૬૮ છે. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે ગ્રામ્ય વિસ્તારના પુરુષ પ્રશિક્ષણાર્થીઓની સિદ્ધિ અર્ધશહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓ કરતાં ઊંચી જોવા મળી હતી

૧૫.અધ્યાપન મંદિરોના અર્ધશહેરી પ્રશિક્ષણાર્થીઓ અને ગ્રામ્ય પ્રશિક્ષણાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૫૭.૯ અને ૬૦.૫૩ છે. જેનો ક્રાંતિક ગુણોત્તર ૨.૦૮ છે જે ૦.૦૫ કક્ષાએ સાર્થક છે. આથી કહી શકાય કે અર્ધશહેરી પ્રશિક્ષણાર્થીઓ હોંશિયાર છે.

૧૬.ધોરણ-૬ના વિદ્યાર્થીઓ અને અધ્યાપન મંદિરોના દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૪૧.૨૨ અને ૪૯.૩૯ છે જેનો ક્રાંતિક ગુણોત્તર ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. જેથી કહી શકાય કે ગુજરાતી વિષયમાં અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓ ધોરણ-૬ના વિદ્યાર્થીઓ કરતાં ઊંચી ક્ષમતા ધરાવે છે.

**સંદર્ભસૂચિ**


૧. ઉચાટ, ડી.એ. : “સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો?” પ્રથમ આવૃત્તિ, રાજકોટ : નિજ્જિન આયકો સેન્ટર ‘ સહજાનંદ’, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી મુખ્ય માર્ગ-૧, ૧૯૯૮, કુલ પૃષ્ઠ-૯૬

૨. ત્રિવેદી, મનુભાઈ દ. અને પારેખ બી.યુ., શિક્ષણમાં આંકડાશાસ્ત્રીય ત્રીજી આવૃત્તિ, અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણબોર્ડ, ગુજરાત રાજ્ય, ૧૯૮૯.

૩. ત્રિવેદી, બુદ્ધિધન એલ. જીવન શિક્ષણ : શિક્ષણ પંચોના ઈતિહાસ અને એમ. એલ.એલ. પ્રોજેક્ટ સળંગ વર્ષ ૧૩૧, સપ્ટે.- ઓક્ટોબર, ૧૯૯૧.

૪. દેસાઇ, કે.જી. શૈક્ષણિક પરિભાષા અને વિભાવના, અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૫. _________, અને એચ.જી.દેસાઇ, સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, ચોથી આવૃત્તિ, અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણબોર્ડ, ગુજરાત રાજ્ય,૧૯૮૯.

૬. પટેલ, મોહનભાઈ, પ્રાથમિક શાળામાં બાળકોની લઘુતમ સિદ્ધિઓ (અપ્રકાશિત પેપર) ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪, એપ્રિલ-૧૯૯૧.

૭. પટેલ, વિનોદભાઈ જી. જીવનશિક્ષણ: સંશોધન વિશેષાંક, સંશોધનમાં નિદર્શની પસંદગી, ડિસેમ્બર ૧૯૯૨, અંક-૨

૮. ભારત સરકારના માનવસંશાધન વિકાસ મંત્રાલયે નિમેલી સમિતિનો અહેવાલ, એન.સી.ઈ.આર.ટી., ન્યુ દિલ્હી : ઓગષ્ટ -૧૯૯૧.